# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦૦/ક્વા-૪/૨૦૨૦-૨૧/૧૩૯ તા.૨૭.૦૪.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૧૦૦/ક્વા-૦૪/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી અરજનભાઈ સામતભાઈ રામ ગામ – ખંભાળીયા

સબડીવીઝન: ચોરવાડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી માંગરોળ

**:: ફોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી બી.પી.બુચ

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

તારીખ: મંગળવાર (૨૦.૦૪.૨૦૨૧)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે સવિનય ઉપરોક્ત વિષય અનુસંધાને જણાવવાનું કે અમો અરજદાર ની ખેતી ની પિયત જમીન માળીયા હાટીના તાલુકાના ખંભાળિયા ગામે રેવન્યુ સર્વે નંબર ૨૪૦ હે.૦-૬૫-૭૬ આરે ક્ષેત્રફળ વાળી આવેલી છે તેમજ સદરહુ જમીન માં નાળિયેરી નો બગીચો આવેલ છે તેમજ સદરહુ જમીનમાં પિયત માટેનો કુવો આવેલ છે અને સદરહુ ઉપર ખેતીવાડીના હેતુ માટે નું થ્રી ફેઝ ઈલેક્ટ્રીક કનેક્શન મેળવવા માટે અમોએ પીજીવીસીએલ ચોરવાડમાં સને ૨૦૧૮ નશામાં ઓરેવા કરેલા હતા અને તેઓ દ્વારા આપવામાં આવેલ કોટેશન તેમજ અન્ય ભરવાની થતી ફિ ની રકમ પણ અમોએ ભરપાઈ કરી આપેલ છે પરંતુ જે-તે વખતે અમો ના કનેક્શન અંગેની ઇલેક્ટ્રિકલ લાઈન પસાર કરવામાં અન્ય ખેડૂતો દ્વારા વાંધા અરજી આપવામાં આવતા નાયબ ઈજનેર શ્રી પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી ચોરવાડ દ્વારા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ મેંદરડા

મોક્ષ ઇન્ડિયન ટેલીગ્રાફ એકટ-૧૮૮૫ ની કલમ -૧૬ (૧) હેઠળ વીજ લાઈન પસાર કરવાની આપવા માટે ટેલિગ્રાફી કેસ નંબર ૩૬ કેસ ચાલેલ છે અને જે કેસમાં સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ મેંદરડા દ્વારા તા.૧૭/૧૨/૨૦૨૦ ના રોજ હુકમ કરી અને વીજ લાઈન પસાર કરવા માટે મંજૂરી આપવામાં આવેલ છે તેમજ સદરહુ હુકમમાં જણાવવામાં આવેલ છે કે આ હુકમનું પાલન ન કરનાર ઇન્ડિયન પીનલ કોડ-૧૮૬૦ ની કલમ-૧૮૮ હેઠળ સજાને પાત્ર બનશે જે હુકમ ની નકલ આ સાથે સામેલ છે.

આમ ઉપરોક્ત વિગતે અમો ની વીજ લાઈન પસાર કરવા માટે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબે તા.૧૮/૧૨/૨૦૨૦ ના રોજ હુકમ કરેલ હોવા છતાં પણ નાયબ ઈજનેર શ્રી પીજીવીસીએલ પેટા વિભાગીય કચેરી ચોરવાડ દ્વારા અમોની ઈલેક્ટ્રીક લાઇન પસાર કરી અને અમો નું કનેક્શન ચાલુ કરવા માટે કોઇ આગળ કાર્યવાહી હાથ ધરી નથી અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબ મેંદરડાના હુકમ નું પાલન કરેલ નથી.

અમો અરજદારની ઉપરોક્ત વિગતે ની ખેતીની જમીનમાં આશરે ૨૮૫ નાળિયેરીના ફળાઉ ઝાડ આવેલા છે તેમજ પિયત કરવા માટે અમોએ ખેતીવાડી ના હેતુ માટેના ઇલેક્ટ્રિકલ કનેક્શન ની માંગણી કરેલ છે પરંતુ ઉપરોક્ત વિગતે છોડવાઓ પીજીવીસીએલ ચોરવાડ દ્વારા અમારી માગણી વાળું કનેક્શન આપવામાં આવેલ નથી જેના કારણે અમો નાળિયેરી ઝાડવા ઓમાં પાણી પીવડાવવા માટે અમોને ડીઝલ એન્જિન દ્વારા પિયત કરવા ફરજ પડેલ છે સાહેબ આજે ડીઝલના ભાવ આસમાને અંદાજે ૯૦ રૂપિયા આસપાસ છે જેથી ચોરવાડ પીજીવીસીએલની કસુર ના કારણે અને ડીઝલનો પણ મોટો ખર્ચ થઈ રહેલું છે આમ અમને ખૂબ જ મોટું નુકસાન થયેલું છે તેમજ કનેક્શન ફીટ કરવા માટે અમોએ પીજીવીસીએલ ચોરવાડમાં ઘણી વખતે અરજ અહેવાલો કરેલા છે તેમ છતાં પણ અમો નું કનેક્શન ફીટ કરવામાં આવતું નથી.

આમ ઉપરોક્ત વિગતો પીજીવીસીએલ ચોરવાડ દ્વારા અમોનું કનેક્શન ફીટ કરી ચાલુ કરવામાં આવતું હોય જેના કારણે અમોને ખૂબ જ મુશ્કેલી પડે અને મોટો ખર્ચ કરી અમો ની નાળિયેરીના ઝાડ માં પિયત કરવા ફરજ પડેલ છે જેની આપ સાહેબ સદરહુ બાબતે તાત્કાલિક ધોરણે ઈલેક્ટ્રીક કનેક્શન ફીટ કરવા તેમજ કનેક્શન ચાલુ કરવા માટે પીજીવીસીએલના તાત્કાલિક હુકમ કરવા યોગ્ય કરવા નમ્ર અરજ છે તેમજ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબ શ્રી મેંદરડાના હુકમનું પાલન કરવા સુચના આપવા નમ્ર અરજ છે જેમાં કસુર થયેથી અમો અરજદારને સદરહુ બાબતે ન્યાય મેળવવા માટે આગળ કાર્યવાહી કરવા ફરજ પડશે આ સાથે સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સાહેબ મેંદરડા ના હુકમની નકલ તથા અમો ની ઈલે. લાઈન અંગેના નકશાની નકલ વિગેરે આધાર પુરાવા આ સાથે સામેલ છે.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ આપ સાહેબ શ્રીને જણાવવાનું કે અરજણભાઈ સામતભાઈ રામ ગામ-ખંભાળિયા તા.માળિયા હાટીના દ્વારા ચોરવાડ પેટા વિભાગીય કચેરી હેઠળ સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ મેંદરડાના તારીખ-૧૮/૧૨/૨૦૨૦ નાં હુકમની તાત્કાલિક અમલવારી કરાવી અને તાત્કાલિક કનેક્શન આપવા માટેની રજૂઆત કરવામાં આવેલ છે.

(૧) અરજદારનું નામ-અરજણભાઈ સામતભાઈ રામ

(૨) ગામનું નામ-ખંભાળીયા તા માળિયા હાટીના

(૩) પેટા વિભાગીય કચેરી- ચોરવાડ

(૪) વિભાગીય કચેરી-માંગરોળ

(૫) વર્તુળ કચેરી- પોરબંદર

(૬) અરજદાર દ્વારા કરવામાં આવેલ અરજી તારીખ-૧૮/૫/૨૦૧૫

(૭) જોડાણ નો હેતુ અને પ્રકાર- ખેતીવાડી નવું વીજ જોડાણ

(૮) અરજદારને આપવામાં આવેલ અંદાજપત્ર- તારીખ ૪/૧૨/૨૦૧૮

(૯) અરજદાર દ્વારા ભરપાઈ કરેલ અંદાજપત્ર તારીખ-૧૯/૧૨/૨૦૧૮

૨.૧ અરજદાર દ્વારા ખેતીવાડી નવા વીજજોડાણ અંગે જરૂરી એચટી નવી વીજ લાઈન અંગેની કામગીરી કરતા સ્થળ પર બાજુના ખેડૂતો દ્વારા કામગીરી કરવામાં વાંધો લેવામાં આવેલ અને આ વાંધા નું નિરાકરણ ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા કરતા વાંધાનું કોઈ નિરાકરણ થયેલ નહિ.જેથી ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા જરૂરી નવી વીજ લાઈન ઉભી કરવા માટેની દરખાસ્ત માનનીય અધિક્ષક જીલ્લા મેજીસ્ટ્રેટની કચેરી પત્ર નંબર સીએચડી/ટેક/આરઇ/૮૦૭ તા ૫/૩/૨૦૧૯ નાં રોજ દાખલ કરવામાં આવેલ ત્યારબાદ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ-જૂનાગઢ દ્વારા પ્રાંત કચેરી મેંદરડા ને આ દરખાસ્ત મોકલવા માટે જણાવતા ચોરવાડ પેટા વિભાગીય કચેરી પત્ર નંબર સીએચડી/ટેક/આરઇ/૩૨૮૬ તા-૦૮/૭/૨૦૧૯ નાં રોજ પ્રાંત કચેરી મેંદરડા આ દરખાસ્ત મોકલવામાં આવેલ જેમાં વાંધેદાર ખેડૂત (૧) નારણ ભીમા રાવલીયા (૨) ભારત વરજાંગ રામ (૩) ગોવિંદ લાખા કામલીયા (૪) અરજણ પરબત પટાટ તમામ રહે ખંભાળિયા વાંધેદાર નાં નામો સાથે આ દરખાસ્ત મેંદરડા સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ને મોકલવામાં આવેલ. જે દરખાસ્ત અન્વયે મેંદરડા સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ દ્વારા તા-૧૮/૧૨/૨૦૨૦ નાં રોજ દરખાસ્ત મુજબ ખેડૂત ની જમીનમાં પાકને ઓછા માં ઓછુ નુકસાન થાય તે રીતે ખેતરમાં વીજલાઈન પસાર કરવા માટેનો હુકમ કરવામાં આવેલ આ હુકમ અન્વયે હાલ આ અરજદારને ખેતીવાડી કનેક્શન આપવા માટે સ્થળ પર વાંધેદારોના વાંધા દુર કરી પોલ ઉભા કરવાની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવેલ છે અને વાયરીંગ તથા ટ્રાન્સફોર્મરની કામગીરી એકાદ અઠવાડિયામાં પૂર્ણ કરવામાં આવશે. અને હાલ સ્થળ પર વાંધો દુર થયેલ છે અને સમાધાન થયેલ છે તે મુજબ અરજદાર દ્વારા સમાધાન પત્ર માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપની ની ચોરવાડ કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ માંગરોળ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૯-૦૪-૨૦૨૧ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |